જન્મદિને વધામણી



ડાહ્યાભાઈ એન પ્રજાપતિ
પ્રમુખ, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦

મિશ્વા આસોડિયા
મો. : ૯૮૨૪૩ ૭૪૧૭૨

રામદાનભાઈ ગઢવી
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ

અંજલિ ભટ્ટ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ

તીર્થ રાહુલકુમાર પટેલ
મો. ૯૯૦૪૪ ૩૮૦૦૮

હસુમતીબેન મિસ્ત્રી
મો. ૭૫૬૭૨ ૬૯૦૫૬

ગાંધીનગર જિલ્લા સ્કાઉટ ગાઈડને ઍવોર્ડ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા રાજભવન ખાતે ઍવોર્ડ સમારોહનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત રાજ્યપાલના હસ્તે ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં કાર્યરત વિવિધ ૩૫ જેટલી સ્કૂલ્સની સ્કાઉટ ગાઈડ બહેનો તથા ૨૩ સ્કાઉટ ગાઈડ ભાઈઓને પણ રાજ્યપાલના હસ્તે ઍવોર્ડ પ્રાપ્ત કરવાની તક પ્રાપ્ત થઈ હતી. સ્કાઉટ ગાઈડની ઉત્તમ કામગીરી બદલ જિલ્લાના શિક્ષકો તથા અન્ય મહાનુભાવોને પણ રાજ્યપાલે ઍવોર્ડ અર્પણ કરીને પ્રોત્સાહિત કર્યા હતા.

સમારોહ અંતર્ગત થેંક્સ બેઝ ડૉ. ટી ઍસ જોષીને, સિનિયર સિટિઝન ઍવોર્ડ મણીભાઈ પી ચૌધરી, મણિબેન સી દેસાઈ, રતિલાલ સી જોષી તથા ડૉ. યોગિનીબેન મજમુદારને એનાયત કરવામાં આવ્યો હતો. બાર ટુ મૅડલ ઑફ મૅરીટનો ઍવોર્ડ જે એમ ચૌધરી પ્રાથમિક સ્કૂલનાં શિક્ષિકા અંજનાબેન ચૌધરીને એનાયત કરવામાં આવ્યો હતો. મૅડલ ઑફ મૅરીટનો ઍવોર્ડ માઉન્ટ કાર્મેલ સ્કૂલનાં શિક્ષિકા દીપાબેન બારોટ તથા મિતેષભાઈ મેકવાનને એનાયત કરવામાં આવ્યો હતો. ઍવોર્ડ મેળવનાર તમામ સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓ, શિક્ષકો, મહાનુભાવોને ગાંધીનગર જિલ્લા સ્કાઉટ ગાઈડ સંઘ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સામાજિક વિજ્ઞાનમાં સંશોધન પધ્ધતિશાસ્ત્ર પર વર્કશૉપ

રાજ્યની વિવિધ યુનિવર્સિટીના પીએચડીના વિદ્યાર્થીઓ અને સંશોધક અધ્યાપકો ભાગ લઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૪

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ અને આઈસીએસએસઆરના આર્થિક સહયોગથી મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય રાંધેજા ખાતે સામાજિક વિજ્ઞાનમાં સંશોધન પધ્ધતિશાસ્ત્ર પરની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યશાળા ૪ માર્ચ સુધી ચાલશે.

આ કાર્યશાળાના ઉદ્‌ઘાટન સમારોહમાં વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. આ પ્રસંગે સંશોધનની પાયાની બાબતો અને તેના મૂળનો ઇતિહાસની તેમણે વિગતે રૂપરેખા આપી હતી. વધુમાં તેમણે યુનિવર્સિટીની મુખ્ય પાયાની બાબત સંશોધન, શિક્ષણ અને વિસ્તરણની પ્રવૃત્તિ પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિવિશેષ તરીકે સેપ્ટ યુનિવર્સિટીના પ્રૉ. અનિલ રૉયે પ્રાકૃતિક વિજ્ઞાન અને સમાજ વિજ્ઞાન બંનેને જોડવાનું કાર્ય કર્યું હતું. મહાવિદ્યાલયના સંયોજક અને કાર્યશાળાના સંયોજક ડૉ. રાજીવ પટેલે સ્વાગત અને કાર્યક્રમની ભૂમિકા વિશે વાત કરી હતી. ડૉ. રવીન્દ્ર પંચોળીએ દસ દિવસના કાર્યક્રની રૂપરેખા આપી અને અંતે આભારવિધિ ડૉ. હિતેશ જાગાણીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ભાવેશ દેસાઈએ કર્યું હતું.

આ કાર્યશાળામાં રાજ્યની વિવિધ યુનિવર્સિટીના પીએચડીના વિદ્યાર્થીઓ અને સંશોધક અધ્યાપકો ભાગ લઈ રહ્યા છે. આ દસ દિવસ દરમ્યાન સામાજિક વિજ્ઞાનમાં સંશોધનના પધ્ધતિશાસ્ત્રના વિવિધ આયામો પર વક્તવ્યો યોજવામાં આવી રહ્યાં છે.

ઉચ્ચ શિક્ષણના ૩૦ હજાર વિદ્યાર્થીઓને ટ્યુશન ફી, હોસ્ટેલ ખર્ચ અને સાધન સહાય

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યના નૂતન બજેટમાં મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનાનો લાભ લેવા માટે કૌટુંબિક આવકની મર્યાદા ૪.૫૦ લાખ હતી તે વધારીને ૬ લાખ રૂપિયા કરવામાં આવી છે તો વધુ વિદ્યાર્થીઓને આવરી શકાય તે માટે પર્સન્ટાઈલની મર્યાદા પણ ૯૦થી ઘટાડીને ૮૦ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓ અને વાલીઓમાં લોકપ્રિય બનેલી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં બજેટમાં એક હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરીને નવા નાણાકીય વર્ષને યુવા વિકાસ વર્ષ તરીકે જાહેર કરાયું છે તેને યથાર્થ ઠરાવવાનો મોટાપાયે પ્રયાસ કરવામાં આવ્યો છે. જેના કારણે આગામી વર્ષે હજ્જારો વિદ્યાર્થીઓનો શિક્ષણનો આર્થિક ભાર હળવો બનશે.

પ્રાથમિક શાળાના ૯૨ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ, ગણવેશ અને પાઠ્યપુસ્તકો પૂરા પાડવામાં આવશે મુખ્યમંત્રી આનંદીબહેન પટેલની આ મહત્વાકાંક્ષી યોજનાને વધુ વ્યાપક સ્વરૂપ અપાયું છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉચ્ચ શિક્ષણમાં ધરખમ ફી માળખાના કારણે ભારણ વધતું હોવાની બૂમો પાડે છે તેને હળવું કરવાનો પ્રયાસ નાણા મંત્રી સૌરભ પટેલ દ્વારા કરાયો છે. ગત વર્ષે પાટીદાર આંદોલનને શાંત પાડવાના પ્રયાસરૂપે આ યોજના જાહેર કરવામાં આવી હતી. જેનો ટૂંક સમયમાં જ ૧૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. પાટીદાર આંદોલનમાં મોંઘાદાટ શિક્ષણને પણ મુદ્દો બનાવવામાં આવ્યો હતો અને યુવાનો મોટી સંખ્યામાં આંદોલનમાં જોડાયા હતા તેના કારણે પણ આ જાહેરાત કરવાની ફરજ પડી હોવાનું પ્રતીત થયું છે. બજેટમાં કરાયેલી જાહેરાત મુજબ આ યોજનામાં થકી પ્રાથમિકથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીના વિદ્યાર્થીઓને સહાય પૂરી પાડવામાં આવશે. જેમાં બીપીએલ પરિવારની દિકરી જીએમઈઆરએસ અને ખાનગી મેડીકલ કોલેજમાં એમબીબીએસમાં પ્રવેશ મેળવે તો સરકાર દ્વારા તેમની ટયુશન ફીમાં વિશેષ રાહત અપાશે. પ્રાથમિક શાળાના તમામ ૯૨ લાખ વિદ્યાર્થીઓને સર્વગ્રાહી સુવિધા પૂરી પાડવાના હેતુથી શિષ્યવૃતિ ગણવેશ અને પાઠ્યપુસ્તકો પૂરા પાડવામાં આવશે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ૧૯.૬૦ લાખ વિદ્યાર્થીઓને મફત પાઠ્ય પુસ્તક અપાશે. તે સાથે ઉચ્ચ શિક્ષણના ૩૦ હજાર વિદ્યાર્થીઓને ટ્યુશન ફી સહાય, હોસ્ટેલ ખર્ચ અને સાધન સહાય પણ આપવામાં આવશે.

વિદ્યાર્થીઓ અને આત્મહત્યાનું વધુ પ્રમાણ

માર્ચ મહિનો નજીક આવતો જાય છે તેમ તેમ વાતાવરણ ભારેખમ બનતું જતું હોય છે. માણસ એટલે કે વિદ્યાર્થી વિદ્યાર્થી નથી રહેતો પણ એક મશીન બની જતો હોય છે. માર્ચ મહિનો બૉર્ડની પરીક્ષાનો મહિનો હોય છે અને બૉર્ડની પરીક્ષા એટલે જિંદગીનો છેવટનો જંગ હોય એમ એટલો બધો વિદ્યાર્થી અને માતા-પિતા પર હાવી થઈ જતો હોય છે. ક્યારેક તો માતા-પિતા વધારે પડતા ભયના ઓથાર હેઠળ જીવતા હોય છે અને એને કારણે વિદ્યાર્થી પણ સ્વાભાવિક રીતે વર્તી શકતો નથી. મા-બાપના ભયના ઓથારનો ભોગ વિદ્યાર્થી-બાળક બનતો હોય છે અને ક્યારેક એ ઓથાર જીવલેણ નીવડતો હોય છે.

આજકાલ છાપાઓમાં રોજ એકાદ કિસ્સો વિદ્યાર્થીની આત્મહત્યાનો હોય છે. આ આત્મત્યા પાછળનાં કારણોની તપાસ કરવામાં આવે તો ૧૦૦માંથી ૯૯ ટકા કિસ્સામાં પરીક્ષા અને ભણતરનો ભાર બહાર આવશે. આપણી શિક્ષણ પ્રણાલી અને જે આખી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે એમાં ગમે તે સ્તરનું શિક્ષણ આખરે તોવ દ્યિર્થીઓ માટે બોજારૂપ સાબિત થતું હોય છે અને એ બોજો ન વહોરી શકનાર વિદ્યાર્થી આખરે જીવન ટૂંકાવતો હોય છે. માબાપની વધુ પડતી અપેક્ષાઓ પણ વિદ્યાર્થીના આ બોજામાં વધારો કરતી હોય છે. વધુ પડતા મહત્ત્વાકાંક્ષી માતાપિતા વિદ્યાર્થી પાસે પણ એવી જ અપેક્ષા રાખતા હોય છે. એક સત્ય માતા-પિતા, શિક્ષકો અને વિદ્યાર્થી સ્વીકારી નથી શકતા કે દરેક વિદ્યાર્થી અવ્વલ નંબર મેળવી શકવાનો નથી. છતાં અવ્વલ નંબર મેળવવાની હોડ લાગી હોય છે. હવે, જોકે બૉર્ડની પરીક્ષામાં પરિણામો આવે છે એમાં એક ક્રમાંક પર એકથી વધુ વિદ્યાર્થીઓ જોવા મળે છે, એ પણ એક હકીકત છે.

મુદ્દો એ છે કે ભણતરના ભારને કારણે વિદ્યાર્થીઓની આત્મહત્યાના કિસ્સા વધી રહ્યા છે. વિદ્યાર્થી બૉર્ડમાં હોય ત્યારે શરૂઆતથી એક તણાવગ્રસ્ત વાતાવરણ ઘટતું રહેતું હોય છે અથવા તો તણાવગ્રસ્ત વાતાવરણ બનાવવામાં આવતું હોય છે. હવે, આ પરિસ્થિતિ માત્ર બૉર્ડના વિદ્યાર્થીઓ પૂરતી સીમિત નથી રહી. વિદ્યાર્થી આઠમા ધોરણમાં કે નવમા ધોરણમાં હોય ત્યારથી એના પર આ પ્રકારનું દબાણ જોવા મળે છે કે એણે અત્યારથી બોર્ડની પરીક્ષાની તૈયારી આટોપી દેવી જોઈએ. એટલે, આઠમા ધોરણમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થી એ ધોરણનો અભ્યાસ તો કરે જ, એમાં પણ એણે અવ્વલ નંબર તો લાવવાનો જ ને સાથે સાથે બે વર્ષ પછીના ભણતરની એટલે કે દસમા ધોરણની ચિંતા પણ કરવાની ! આ બેવડી પરિસ્થિતિ અસહ્ય બનતાં વિદ્યાર્થી ટૂંકો રસ્તો એટલે કે આત્મહત્યાનો રસ્તો અપનાવતો હોય છે.

કેટલાક કિસ્સામાં ભણતર સિવાયનાં કારણો પણ જોવા મળે છે. કોઈ વાતે માતા-પિતા સાથે અણબનાવ થયો હોય કે શાળામાંથી શિક્ષક દ્વારા ઠપકો મળ્યો હોય ત્યારે માઠું લાગવાના કારણે પણ વિદ્યાર્થીઓ નજીવી બાબતે આત્મહત્યા કરતા હોય છે. એક બાજુ એવી વાતો સાંભળવા મળે છે કે કોમ્પ્યુટર, ઈન્ટરનેટ અને મોબાઈલના જમાનામાં વિદ્યાર્થીઓની સંવેદનશીલતા ઘટતી જાય છે અને બીજી બાજુ આત્મહત્યાના કિસ્સા વધતા જાય છે. આ બંને બાબતો એકબીજાથી વિરોધી છે. સંવેદનશીલ વ્યક્તિ પરિસ્થિતિ અસહ્ય બનવાને કારણે આત્મહત્યા કરતો હોય છે. હા, એવું બની શકે કે યંત્રોની સાથે સતત રહેવાને કારણે વિદ્યાર્થીઓની સહનશક્તિમાં ઘટાડો થયો હોય અને નજીવી વાતને કારણે પણ એને માઠું લાગી આવવાને કારણે એ આત્મહત્યા કરતો હોય છે.

પરીક્ષાના સમયે એટલે જ વિવિધ પ્રકારની હેલ્પલાઈન શરૂ કરવામાં આવે છે, જે આ પ્રકારના વિદ્યાર્થીઓને તણાવમુક્ત કરવાનું કામ કરે છે. આ પ્રકારની હેલ્પલાઈનને કારણે આત્મહત્યાના કિસ્સાઓમાં ઘટાડો પણ થતો જોવા મલ્યો છે. આ પ્રકારની હેલ્પલાઈન માત્ર પરીક્ષાના સમયે જ શરૂ કરવાને બદલે એ કાયમી ધોરણે ચાલે એવું આયોજન કરવાનો સમય આવી ગયો છે. વિદ્યાર્થીઓ નજીવાં કારણોસર આત્મહત્યા કરે છે ત્યારે આ પ્રકારની હેલ્પલાઈનની જરૂરિયાત વધી જાય છે.

‘વીણાવેલી’ એકાંકી નાટ્યસ્પર્ધામાં આઈઆઈટીઈને પાંચ ઍવોર્ડ

ગાંધીનગર, તા. ૨૪

તાજેતરમાં એચ.કે. આર્ટસ કોલેજ કેમ્પસ દ્વારા આયોજીત ‘‘વીણાવેલી’’ નાટ્ય સ્પર્ધામાં ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર દ્વારા પ્રસ્તુત થયેલ એકાંકી “કોર્ટમાર્શલ” ને પાંચ-પુરસ્કાર એનાયત થયા.

‘‘વીણાવેલી’’- નાટ્ય સ્પર્ધા છેલ્લા ૩૪ વર્ષથી એચ.કે. કોલેજ કેમ્પસ દ્વારા યોજવામાં આવે છે, જેમાં આંતર કોલેજ એકાંકીઓ પ્રસ્તુત થાય છે.

આ સ્પર્ધામાં ૩૪મા મણકામાં આઈ.આઈ.ટી.ઈ. દ્વારા એકાંકી નાટક “કોર્ટમાર્શલ” રજૂ થયું અને તેમાં શ્રેષ્ઠ હિન્દી નાટક તરીકે પસંદગી પામ્યું.

ઉપરોક્ત સ્પર્ધામાં સાત નાટકો પ્રસ્તુત થયેલાં “કોર્ટમાર્શલ” એ સેનાના જીવનમાં ડોકીયું કરાવતું સત્યંત સંવેદનશીલ નાટક હોઈ નાટકના વિદ્યાથી-કલાકારોએ ઉત્તમ અભિનય કરી દર્શકોમાં વાહ-વાહ મેળવી ઉપરાંત શ્રેષ્ઠ એક્ટર પુરુષ-નો એવોર્ડ-દિવ્યેસ સૌદરવાને, શ્રેષ્ઠ એક્ટર સ્ત્રીનો-નો એવોર્ડ- પ્રેક્ષા રાજપુરાને પ્રાપ્ત થયો હતો.

શ્રેષ્ઠ હિન્દી નાટકનો એવોર્ડ ઉપરાંત શ્રેષ્ઠ સેટ ડિઝાઈન અને શ્રેષ્ઠ વેશભુષાનો એવોર્ડ ઉપરાતં ‘‘અર્ચવ ત્રિવેદી શ્રેષ્ઠ મહિલા એક્ટર’’ નો એવોર્ડ આમ કુલ પાંચ-એવોર્ડથી નાટકને નવાજવામાં આવ્યું.

ઉત્તમ મેસેજ આવતું આ નાટક એના શ્રેષ્ઠ અભિનયને કારણે ‘‘ઓડિન્યસે’’ ખુબજ પસંદ કર્યું. સમગ્ર પ્રસ્તુતીને સફળ બનાવવા કોડીનેટરશ્રી ડૉ.વિપુલ ઠાકર દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

નાટકમાં ભાગ લીધેલ તથા વિજેતા થયેલ વિદ્યાથીઓને યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી ડૉ.શશીરંજન યાદવે અભિનંદન આપીને નવાજ્યા હતા.

બાળ ઊર્જા રક્ષક ચિત્ર સ્પર્ધામાં જે બી પ્રાથમિક શાળા તૃતિય સ્થાને

ગાંધીનગર, તા. ૨૪

નિસર્ગ સાયન્સ સેન્ટર અને બાલ ઊર્જા રક્ષક દળના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ગાંધીનગર ખાતે બાળ ઊર્જા રક્ષક દળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના પચીસ વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ઊર્જા સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત આયોજિત ચિત્ર સ્પર્ધામાં શાળાના ત્રણ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જે પૈકી ધોરણ-૮ ઍફના વિદ્યાર્થી પુષ્પદિપસિંહ હિંમતસિંહ ચૌહાણે તૃતિય ક્રમનું વિજેતાપદ મેળવ્યું હતું અને ૧ હજારનું રોકડ ઇનામ પ્રાપ્ત કર્યું હતું. શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે બાળ ઊર્જા રક્ષક દળના તમામ સભ્યો તથા માર્ગદર્શક શિક્ષક દિગ્નેશભાઈ પટેલ અને જયભાઈ પંડિતને અભિનંદન પાઠવ્યા છે.

સિદ્ધાર્થ લૉ કૉલેજ ખાતે માતૃભાષા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૪

વિશ્વ, દેશની માફક ગાંધીનગર શહેરમાં પણ માતૃભાષા ગૌરવ દિવસની ઉજવણી તાજેતરમાં હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં કાયદાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પણ માતૃભાષા ગૌરવ અંગેની આ ઉજવણીમાં ભાગ લીધો હતો.

ગાંધીનગર શહેરમાં કાર્યરત સિધ્ધાર્થ લૉ કૉલેજ ખાતે માતૃભાષા ગૌરવ દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ માતૃભાષાનો ઉદ્‌ભવ, મહત્ત્વ અને કવિઓનાં પોસ્ટર્સ બનાવી માતૃભાષાનું મહિમાગાન કર્યું હતું.

મહારાજ ફરે છે, પગપાળો રે...ઉપકારી એનો...આતમો રે...



આજીવન સમાજસેવામાં સમર્પિત ગુજરાતના મૂકસેવક પૂ.રવિશંકર મહારાજનો જન્મ ૨૫મી ફેબ્રુઆરી ૧૮૮૪ના રોજ બ્રાહ્મણ કુટુંબમાં ખેડા જીલ્લાના રઢુ ગામે થયેલ. પિતાનું નામ શિવરામ વ્યાસ, માતા નાથીબા અને પત્ની સુરજબા. તેમનું મૂળ વતન મહેમદાવાદ તાલુકાનું સરસવણી.

મહારાજે છ ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. યુવાન વયે પ્રચલિત ધર્મમાં દોષ દેખાતાં એની સામે ઉહાપોહ કર્યો અને આર્યસમાજના પ્રચારક બન્યા. કોઈ પણ કુદરતી કે માનવસર્જિત પરિસ્થિતિમાં કે જ્યાં દીન-દુઃખીઓની ટહેલ પડે કે આ સેવામૂર્તિ ત્યાં હાજર જ હોય ! ૧૯૪૧ના અમદાવાદના કોમી હુલ્લડ વખતે શહેરમાં ગંધાતી અને નધણીયાતી અનેક લાશોને સ્મશાને પહોંચાડી.

વસંત-રજબની લાશો લાવવાની કોઈની હિંમત નહોતી થઈ તે મહારાજ લઈ આવ્યા ને એમના ધર્માનુસાર અંતિમ ક્રિયા કરી. ૧૯૧૧માં ગુજરાતના ‘ડુંગળી ચોર’ સ્વાતંત્રતાસેનાની મોહનલાલ પંડયાના સંસર્ગમાં આવ્યા ને રાષ્ટ્રપ્રેમી બન્યા. મોહનલાલે અમદાવાદના કોચરબ આશ્રમમાં મહારાજને ગાંધીજીનો પરિચય કરાવ્યો. સાચો ધર્મ કોને કહેવાય તે વિશે બાપુનું ‘ શ્રીમદ્ રાજચંદ્ર ’ ઉપરનું ભાષણ સાંભળ્યા પછીથી બરાબર સમજ્યા અને અમલમાં મુક્યો અને ગાંધીભક્ત બની ગયા.

ગાંધીજીની ઈચ્છાને માન આપીને સાબરકાંઠા, મહીકાંઠા ને વાત્રક કાંઠાનાં અંતરિયાળ ગામોમાં પાટણવાડીયા, બારૈયા કોમો અને બહારવટીયાઓને સુધારવાનું કામ જાનના જોખમે પુરા દસ વર્ષ કર્યું.

મહારાજ પોતાને ગાંધીજીના ટપાલી તરીકે ઓળખાવતા. મહારાજ કહેતા કે “ગાંધી કાળમાં મારો જન્મ થયો છે એ માટે હું મારી જાતને ધન્ય માનું છું.”

બનાસકાંઠા અને મહેસાણાના કેટલાક તાલુકાઓમાં બોર અને કુવા કરી પાણીની સમસ્યા હળવી કરી તેથી ત્યાં તેઓ મહારાજને ‘બોરીંગવાળા મહારાજ’ તરીકે ઓળખવા લાગ્યા.

જીવનભર ઉઘાડે પગે ફરતા રહ્યા. શરીર એવું કેળવ્યું હતું કે કાચા રસ્તે ચાલતા ચાલતા પગમાં કાંટો વાગે તો કાંટો ભાંગી જાય પણ મહારાજના પગને કાઈ થાય નહિ.

ગાંધીજી અને સરદારના સેવક બનીને અંગ્રેજોની હકુમત દુર કરવા સત્યાગ્રહોમાં ભાગ લીધો ને પાંચ વાર જેલમાં ગયા.

વિનોબાજી ભુદાનના વિચારના મંત્રદાતા ઋષિ છે અને એ ઋષિનો સંદેશો ઝીલનાર પૂ. રવિશંકર મહારાજ તેમાં કડીરૂપ બન્યા, પહેલા આચાર પછી વિચારનો અમલ કરી આ તપસ્વીએ ૧૯૫૩માં પોતાની જમીન આપીને વિનોબાજીના ભૂદાન-આંદોલનને ગુજરાતને ગામડે ગામડે પહોંચાડવા ૭૦ વર્ષની જૈફ ઉંમરે પદયાત્રાઓ કરી. ૬૦૦૦ કિલોમીટર ચાલ્યા. લોકો દાનમાં જમીન ન હોય તો બકરા, ઢોર કે મકાન આપે.

અમદાવાદમાં ઘરે ઘરે હજારો સર્વોદયપાત્રો મુક્યા. તેમાં ઘરના સૌથી નાનકડા બાળક પાસે મુઠ્ઠીભર અનાજ સમાજ માટે નાખવામાં આવતું. તેઓ કહેતા કે ‘સર્વોદયપાત્રમાં જે મુઠ્ઠી ધાન નાખશે, તે મુઠ્ઠી ક્યારેય હાથમાં બીજાને મારવા પથરો, ચાકુ, પિસ્તોલ કે બૉમ્બ નહીં પકડે.’ બાળપણથી જ શાંતિના સંસ્કાર...”

ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન પૂ. મહારાજને હસ્તક કરવામાં આવેલ. તે વખતે તેમણે રાજ્યના વિકાસ ઉપર ભાર મુક્યો હતો.

સેવાયજ્ઞ કરતાં કરતાં સો વર્ષ જીવવાનો ‘ ઈશોપનિષદે’ આપેલો અધિકાર મહારાજે ભોગવ્યો. સર્વોદય-અંત્યોદયને માટે જીવન જીવ્યા અને ૧૯૮૪ની ૦૧લી જુલાઈએ ૧૦૦ વર્ષની ઉંમરે અવસાન પામ્યા.

વિનોબા ભાવેએ એમને તુકારામની કોટીના સંત અને કારુણ્યમૂર્તિ કહ્યા તો સ્વામી આનંદે પુણ્યના પર્વત સમા મૂઠી ઉંચેરા માનવી કહ્યા. કવિ ઉમાશંકરે તેમણે ‘ઊર્ધ્વ માનુષ’ કીધેલા.

પૂ.રવિશંકર મહારાજની આમવાણી અને એમનું યજ્ઞમય જીવન જોઈને ‘ ભૂદાનમાળા ’માં કવિ શ્રી કાગે કીધું: ‘ કાગે એક બ્રાહ્મણ ભાળ્યો...ખભે છે ઉંચાળો રે... મહારાજ ફરે છે, પગપાળો રે...ઉપકારી એનો... આતમો રે...’

ઝવેરચંદ મેઘાણીએ રવિશંકર મહારાજને મોઢેથી સાંભળેલી માનવરસથી છલકતી પ્રસંગકથાઓ “ માણસાઈના દીવા ” શીર્ષક હેઠળ રજૂ કરી મહારાજના તપસ્વી વ્યક્તિત્વનું દર્શન સૌને કરાવ્યું છે.